પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 21/11/2026 **Morning : 7.10 to 7.20**
Day : SATURDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

---

1. ત્રણ દિવસના આદિવાસી વિસ્તારના પ્રવાસના અંતિમ દિવસે મુખ્યમંત્રીએ કહ્યું કે, આદિજાતિ કલ્યાણ યોજનાઓનો લાભ અને વિકાસ છેક છેવાડાના ગામો સુધી પહોંચ્યો.
2. આંતરરાષ્ટ્રીય સ્તરના સંગીત સંગ્રહાલયના આગામી સમયના આરંભ સાથે વડનગર વિશ્વભરના સંગીત પ્રેમીઓ માટે એક મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરશે.
3. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે યોજાનારી દિલજિત દોસાંઝની કોન્સર્ટ માટે સલામતીની ચુસ્ત વ્યવસ્થા.
4. જામનગરમાં દૂધ અને પાનમસાલના વિક્રેતાઓ ઉપર તંત્રની તવાઇ.
5. આયુષ્માન ભારત યોજનામાં મહત્તમ ક્લેઇમ સબમિશનની કામગીરીમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ રાજ્યમાં પ્રથમ ક્રમે.
6. ટેસ્ટના ત્રીજા દિવેસ કે એલ રાહુલની સદીથી ભારત મજબૂત સ્થિતીમાં.

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

CM GARBADA

આદિજાતિ કલ્યાણ યોજનાઓનો લાભ અને વિકાસ છેક છેવાડાના ગામો સુધી પહોંચ્યો હોવાનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમના આદિવાસી વિસ્તારના 72 કલાકના પ્રવાસના અંતિમ દિવસે જણાવ્યું હતું.

ભૂપેન્દ્ર પટેલે ગુજરાત-મધ્યપ્રદેશ સરહદ પરના છેવાડાના ગામ ખંગેલામાં ગ્રામીણ મહિલાઓ-લોકો સાથે સંવાદ સાધ્યો હતો. આ અવસરે પ્રગતિશીલ મહિલાઓએ મુખ્યમંત્રી સમક્ષ પોતાની આત્મ નિર્ભરતાની વાતો રજૂ કરી હતી. મુખ્યમંત્રીએ સખી મંડળોના વિવિધ પ્રદર્શન સ્ટોલોની મુલાકાત પણ લીધી હતી.

આ દરમિયાન મુખ્યમંત્રીએ દાહોદ ખાતે આવેલી સ્માર્ટ સિટી લાયબ્રેરીની મુલાકાત લીધી હતી. તેમણે લાયબ્રેરીમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધી તેમના અભ્યાસ અને તૈયારી અંગે જાણકારી મેળવી હતી.

HARSH SANGHVI MEHSANA

ઐતિહાસિક નગરી વડનગર ખાતે આંતરરાષ્ટ્રીય સ્તરનું સંગીત સંગ્રહાલય ટૂંક સમયમાં ખુલ્લુ મૂકાશે તેવી જાહેરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રીએ કરી હતી. મહેસાણાની ગઇકાલની મુલાકાત દરમિયાન હર્ષ સંઘવીએ વડનગરના હાટકેશ્વર મહાદેવ મંદિર ખાતે 10 દિવસીય વિશ્વ શાંતિ મહાયજ્ઞની પૂર્ણાહુતિ અને સમાપન સમારંભમાં ભાગ લીધો હતો.

શ્રીકાંચી કામકોટિ પીઠાધિપતિ જગદગુરુ શંકર વિજયેન્દ્ર સરસ્વતી શંકરાચાર્ય સ્વામીજીના સાંનિધ્યમાં 10 દિવસીય 'વિશ્વ શાંતિ મહાયજ્ઞ' યોજાયો હતો.

BYTE- HARSH SANGHVI DEPUTY CHIEF MINISTER

શ્રી સંઘવીની ઉપસ્થિતિમાં ‘તાના-રીરી મહોત્સવ’ યોજાયો હતો. આ પ્રસંગે હેતલ મહેતા જોષી અને માલિની અવસ્થીને તાના રીરી એવોર્ડ એનાયત કરાયો હતો. વડનગર માત્ર એક પ્રાચીન નગર નથી, પરંતુ તે હજારો વર્ષ જૂની સંસ્કૃતિ, ઇતિહાસ, આધ્યાત્મિકતા અને સંગીતની સાધનાનું જીવંત પ્રતીક હોવાનો તેમણે ગર્વ વ્યક્ત કર્યો હતો.

VIBRANT GUJARAT NARESH PATEL

ગુવાહાટી ખાતે વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ **2027**ના રોડ-શોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતની ઔદ્યોગિક તાકાત કેન્દ્રસ્થાને રહી હતી. રોડ-શોમાં સેમીકંડકટર, ઓઈલ અને ગેસ તથા મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે સહયોગ માટે નવી તકો શોધવા અગ્રણી ઉદ્યોગપતિઓ અને સરકારી પ્રતિનિધિઓ એકત્રિત થયા હતા.

સભાને સંબોધતા ગુજરાતના આદિજાતી વિકાસ, ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગના મંત્રી નરેશ પટેલે બંને રાજ્યો વચ્ચે મજબૂત ઔદ્યોગિક સહકારની સંભાવનાઓ પર ભાર મુકયો હતો.

BYTE: NARESH PATEL MINISTER GUJARAT

DILJIT DOSANZ CONCERT

અમદાવાદમાં આજે દિલજિત દોસાંઝની નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે કોન્સર્ટ યોજાઇ રહી છે. અમદાવાદ શહેર અને રાજ્યભર સહિત અન્ય રાજ્યોમાંથી પણ મોટી સંખ્યામાં લોકો કોન્સર્ટમાં ઉપસ્થિત રહેશે, ત્યારે પોલીસે સલામતીની ચુસ્ત વ્યવસ્થા ગોઠવી દીધી છે.

જેસીપી, ડીસીપી સહિતના ઉચ્ચ અધિકારીઓ સહિત એક હજાર **300** જેટલા પોલીસ કર્મીઓ કોન્સર્ટ દરમિયાન ખડેપગે રહેશે તેમ અમદાવાદના પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોતે જણાવ્યું હતું.

BYTE: ANUPAMSINH GEHLOT, CP

JAMNAGAR FOOD SEFTY DRIVE

જામનગરમાં દૂધમાં ભેળસેળ સામે તંત્રે સઘન કાર્યવાહી હાથ ધરી છે. છેલ્લા ત્રણ દિવસથી વહેલી સવારે વાહનો-બાઈક રોકી દૂધના નમૂના લેવાયા હતા. જામનગર લેબોરેટરીમાં 51 અને વડોદરામાં સાત નમૂના તપાસ માટે મોકલાયા હોવાનું જામનગર મહાનગર પાલિકાના ફૂડ શાખાના અધિકારી નિલેશ જોસોલિયાએ જણાવ્યું હતું.

શંકાસ્પદ જણાતા મોટામાત્રામાં દૂધનો નાશ કરાયો હતો. આ ઉપરાંત હાઈવેની હોટલો, રેસ્ટોરન્ટ અને ધાબાઓ પર અને ફ્રોઝન ડેઝર્ટ અને આઈસ્ક્રીમ મુદ્દે ઉત્પાદકો-વિક્રેતાઓને ત્યાં પણ તપાસ કરવામાં આવી રહી છે.

BYTE: NILESH JASOLIA OFFICER, FOOD BRANCH JAMNAGAR

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....

JAMNAGAR - PAN MASALA SIEZE

જામનગરમાં શંકાસ્પદ પાનમસાલા, તમાકુ અને સિગારેટના જથ્થા સાથે ચાર શખ્સો ઝડપાયા છે.

ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટના બિલ કે આધાર પુરાવા વગરના પાનમસાલા, તમાકુ અને સિગારેટના જથ્થાની હેરફેર તથા વેચાણ કરતા તત્વો સામે રાજકોટ રેન્જ પોલીસ દ્વારા કરાયેલ કાર્યવાહીમાં કુલ **15** લાખ **41** હજારથી વધુની કિંમતનો મુદ્દામાલ કબજે કરાયો હોવાનો જામનગર પાનમસાલા એસોસિએશનના સભ્ય લાકેશ પટેલએ માહિતી આપી હતી.

BYTE: LAKESH PATEL, MEMBER OF PAN MASALA ASSOCIATION

AHMEDABAD CIVIL AWARD

અમદાવાદ સિવિલ હોસ્પિટલને બે મહત્વપૂર્ણ સિદ્ધિઓ બદલ રાજ્યકક્ષાના પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી છે.

આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત સમગ્ર રાજ્યમાં મહત્તમ ક્લેઇમ સબમિશન બદલ અમદાવાદ સિવિલ હોસ્પિટલને પ્રથમ પુરસ્કાર એનાયત થયો છે. જ્યારે આયુષ્માન ભારત ડિજિટલ મિશન હેઠળ દર્દીઓના ડિજિટલ રજિસ્ટ્રેશન માટેની 'સ્કેન એન્ડ શેર' સુવિધાના મહત્તમ રજિસ્ટ્રેશનમાં સમગ્ર રાજ્યમાં બીજું સ્થાન પ્રાપ્ત થયું હોવાનું અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું હતું.

BYTE - DR. RAKESH JOSHI, MEDICAL SUPERINTENDENT

TEST CRICKET

વેલિંગ્ટનમાં ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચના ત્રીજા દિવસે કે એલ રાહુલની સદીની સહાયથી ભારતની સ્થિતી મજબૂત બની છે. છેલ્લા અહેવાલ મળ્યાં ત્યારે ભારતે એક વિકેટે 290 રન બનાવ્યા છે.

લોકેશ રાહુલના 52 રન અને દેવદત્ત પડિકલના 16 રન સાથે ભારતે એક વિકેટે 159 રનના સ્કોરથી આજની રમત શરૂ કરી હતી. ન્યૂઝીલેન્ડે પોતાની પહેલી ઇનિંગમાં 368 રન બનાવ્યા હતા. અગાઉ, ભારતે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો.

AMD METRO TRAIN TIME

અમદાવાદ અને ગાંધીનગર બંને કૉરિડોરમાં આજે મેટ્રો સેવા રાત્રે સાડા 11 વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે પંજાબી ગાયક દિલજિત દોસાંઝના લાઈવ કૉન્સર્ટને ધ્યાનમાં રાખી ગુજરાત મેટ્રો રેલ નિગમ દ્વારા આ નિર્ણય કરાયો.

તે મુજબ, અમદાવાદમાં મોટેરા સ્ટેડિયમથી **APMC** તેમજ થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ સુધી મેટ્રો સેવા રાત્રે 11.30 વાગ્યા સુધી કાર્યરત્ રહેશે. જ્યારે ગાંધીનગરમાં મોટેરા સ્ટૅડિયમથી મહાત્મા મંદિર સુધી મેટ્રો ટ્રેન દોડાવાશે.

જોકે, લંબાવેલા સમય દરમિયાન મુસાફરોને પ્રવેશ માત્ર મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો મથક પરથી જ અપાશે.

VAUTHA LOKMELO

ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણે ગઇકાલે અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના વૌઠા ગામમાં ઐતિહાસિક લોકમેળાનો પ્રારંભ કરાવ્યો. પવિત્ર સપ્તનદીના સંગમ સ્થાને આયોજિત વૌઠાનો મેળો તેના અનોખા પશુબજાર માટે સમગ્ર દેશમાં જાણીતો છે, જ્યાં ખાસ કરીને રંગબેરંગી શણગાર સજાવેલા ગર્દભ અને ઊંટની મોટાપાયે લે-વેચ થાય છે.

મેળામાં તૈયાર કરાયેલી તંબુઓની નગરી, ચકડોળ, વિવિધ રાઈડ્સ, લોકડાયરા, ભજનમંડળીઓ અને પરંપરાગત ખાણીપીણીના સ્ટોલ્સ ગ્રામીણ જીવનના ઉત્સાહને જીવંત બનાવે છે.

SOMNATH - KARTIKI PURNIMA MELO

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ ખાતેના પાંચ દિવસીય કાર્તિકી પૂર્ણિમા મેળાના પ્રારંભે જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ, પ્રવાસીઓ ઉમટી રહ્યા છે. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આયોજિત આ મેળામાં વિવિધ મનોરંજન રાઇડ્સ, ફૂડ સ્ટોલ સહિત મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવા માટે જિલ્લાના વિવિધ તાલુકાના **30** સ્વ-સહાય જૂથો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના સ્ટોલ પણ ઊભા કરવામાં આવ્યા છે.

શ્રદ્ધાળુઓની સુવિધા અને સુરક્ષા માટે પોલીસ વોચ ટાવર, સીસીટીવી કેમેરા, પાર્કિંગ, પીવાના પાણી અને સ્વચ્છતા સહિતની વ્યવસ્થાઓ કરવામાં આવી છે.